પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪૮ | ૨૯ એપ્રિલ, ૨૦૧૭, શનિવાર ; વૈશાખ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અલગતાવાદી નેતાઓ સાથે કોઈ વાતચીત નહિ : કેન્દ્ર

**સ્વતંત્રતાની માંગ કરનાર સાથે કોઇ જ વાત કરાશે નહીં : કાશ્મીરમાં જારી હિંસા વચ્ચે કેન્દ્રની સુપ્રીમ સમક્ષ વાત કેન્દ્રની સાફ વાત : જનતાના પ્રતિનિધિ બનીને આગળ આવનાર સાથે જ વાતચીત થશે : જમ્મુ કાશ્મીર બાર એસોસિએશનની તમામ દલીલોને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી**



નવી દિલ્હી,તા. ૨૮

સરકારે આજે આક્રમક વલણ અપનાવીને સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે, કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા માટે અલગતાવાદીઓ અને સ્વતંત્રતાની માંગ કરનાર તત્વો સાથે કોઈપણ પ્રકારની વાતચીત કરશે નહીં. સરકારે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ અલગતાવાદીઓ સાથે વાતચીત કરવા માટે ફરજ પાડી શકે નહીં. જમ્મુ એન્ડ કાશ્મીર બાર એસોસિએશને વાતચીતમાં હુર્રિયત નેતાઓને સામેલ કરવાની વાત કરી છે. મુખ્ય ન્યાયાધીશ જગદીશસિંહ ખેહર, ન્યાયમૂર્તિ ધનંજય ચદ્રચુડ, ન્યાયામૂર્તિ સંજય કિશનની બનેલી બેંચ સમક્ષ આવો દાવો કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા કેટલીક મહત્વપૂર્ણ રજૂઆતો કરવામાં આવી હતી. ત્રણ સભ્યોની ખંડપીઠ સમક્ષ સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી અને કઠોર વલણ અપનાવવામાં આવ્યું હતું. જમ્મુ કાશ્મીર બાર એસોસિએશન તરફથી કરવામાં આવેલી રજૂઆતને ફગાવી દેવામાં આવી હતી. કેન્દ્ર સરકાર સંકટને ઉકેલવા માટે આગળ આવી રહી નથી તેવી દલીલ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફ્તી સાથે વાતચીત થઈ છે જેમાં વર્તમાન સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, કાશ્મીરમાં જારી અશાંતિને શાંત કરવા માટે અલગતાવાદી નેતાઓ અથવા તો એવા લોકો સાથે વાતચીત કરશે નહીં જે ભારતથી સ્વતંત્ર થવાની માંગ કરી રહ્યા છે.

પેલેટ ગનના ઉપયોગની સામે જમ્મુ કાશ્મીર બાર એસોસિએશન તરફથી દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટ સમક્ષ કેટલીક રજૂઆત કરી હતી. આના ઉપર કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, તેઓ માત્ર એવા જ લોકો સાથે વાતચીત કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબમાં હવે 'આપ'માં ભંગાણના એંધાણ

**પાર્ટીના અનેક નેતાઓ નાખુશ, નવી પાર્ટી બનાવી શકે : પંજાબ તેમજ ગોવા વિધાનસભાની ચૂંટણી, એમસીડીની ચૂંટણીમાં હાર થયા બાદ આમ આદમી પાર્ટીના કાર્યકરો અને નેતાઓનો જુસ્સો નીચી સપાટીએ**



ચંદીગઢ,તા. ૨૮

દિલ્હીમાં એમસીડીની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ હવે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની હાલત કફોડી બનેલી છે. પાર્ટીના ટોપના નેતાઓ અને કાર્યકરોમાં ભારે હતાશા પ્રવર્તી રહી છે. દિલ્હી એમસીડીની ચૂંટણીમાં હાર થયા બાદ પંજાબમાં આમ આદમી પાર્ટીમાં ભંગાણ પડવાના સંકેત દેખાઈ રહ્યા છે. પાર્ટીના પંજાબ એકમના લોકો ભારે ખુશ છે. આમ આદમી પાર્ટીમાં પ્રવર્તી રહેલી નિરાશાના સમાચાર વચ્ચે તેના રાજ્યના કન્વીનર ગુરપ્રીત સિંહે કહ્યુ છે કે સ્થાનિક લોકો સાથે હાઈ કમાન્ડના લોકો દ્વારા સંપર્ક કરવામાં આવી રહ્યા નથી. રાજ્ય એકમના લોકોને વિશ્વાસમાં લેવામાં આવી રહ્યા નથી. મંચને એક સાથે રાખવાની તાકીદની જરૂરીયાત હાલમાં દેખાઈ રહી છે. તેમણે કહ્યુ હતુ કે અન્ય રાજકીય પક્ષો પરિસ્થિતીનો લાભ લઈને એએપીના ધારાસભ્યોને પોતાની તરફેણમાં કરી શકે છે. તેમણે કહ્યુ છે કે એએપીમાં નિરાશાના સમાચાર સાચા છે. જે રીતે પાર્ટીએ સ્થાનિક લોકો અને સ્થાનિક નેતાઓ સાથે અંતર રાખ્યા છે તેનાથી સંકેત સારા દેખાઈ રહ્યા નથી. કારણ કે આના કારણે પાર્ટીના સભ્યોમાં આત્મવિશ્વાસનો અભાવ વધી શકે છે. આના કારણે પાર્ટી વિભાજનની દિશામાં આગળ વધી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સુકમા હુમલાની જવાબદારી માઓવાદીઓએ અંતે સ્વીકારી

**સુરક્ષા દળો તેમના રસ્તામાં ન આવે તેવી ચેતવણી : ૧૬ મિનિટના ઓડિયો સંદેશામાં જવાબદારી સ્વીકારાઇ**



નવીદિલ્હી, તા. ૨૮

છત્તીસગઢના બસ્તર પ્રદેશમાં સ્થિત માઓવાદીઓએ સીઆરપીએફના જવાનો ઉપર હાલમાં જ કરવામાં આવેલા હુમલાની જવાબદારી સ્વીકારી લીધી છે. હાલના વર્ષોના સૌથી વિનાશકારી હુમલામાં સીઆરપીએફના ૨૬ જવાનોના મોત થયા હતા. તેમની ક્રાંતિ આડે ન આવવા સુરક્ષા દળોને ચેતવણી પણ આપવામાં આવી છે. બળવાખોરોએ એક ઓડિયો મેસેજ જારી કર્યો છે જેમાં આ હુમલા માટેની જવાબદારી સ્વીકારવામાં આવી છે.સીઆરપીએફ જવાનો ઉપર આ હુમલો નકસલીઓ સામે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન ગ્રીનહન્ટના જવાબરુપે કરાયો હોવાનો દાવો આ ઓડિયો ટેપમાં કરવામાં આવ્યો છે. ૧૬ મિનિટની ઓડિયો ટેપમાં પ્રતિબંધિત માઓવાદીના પ્રતિનિધિએ હુમલાની પ્રશંસા કરી છે. માઓવાદીઓના પ્રવક્તા હિન્દીમાં વાત કરતા નજરે પડે છે જેમાં જણાવાયું છે કે, તેમની લડાઈ અર્ધલશ્કરી દળો સાથે નથી પરંતુ ક્રાંતિ આડે આવી રહેલા સુરક્ષા દળો સામે છે.

૨૦૧૬માં સરકારે છત્તીસગઢમાં નવ અને ઓરિસ્સામાં ૨૧ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આદિવાસી મહિલા પર પોલીસના જવાનો

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કર્ણાટક સૌથી ભ્રષ્ટ રાજ્ય : તાજેતરના સર્વેમાં તારણ

**પ્રજા દ્વારા લાંચની ચુકવણીના આધારે નંબર : દેશમાં કર્ણાટક, જમ્મુ કાશ્મીર, મહારાષ્ટ્ર, તમિળનાડુ, આંધ્ર પ્રદેશ પણ સૌથી ભ્રષ્ટાચારી રાજ્યોમાં સામેલ છે**

નવી દિલ્હી,તા. ૨૮

ભ્રષ્ટ રાજ્યોના મામલે દેશમાં કર્ણાટક પ્રથમ સ્થાને પહોંચી ગયુ છે. હાલમાં કરવામાં આવેલા નવા સર્વેમાં આ મુજબની વિગત સપાટી પર આવી છે. જાહેર સેવા માટે લોકો દ્વારા ચુકવવામાં આવતી લાંચના આધાર પર રાજ્યોની યાદી તૈયાર કરવામાં આવી છે. એનજીઓ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. કર્ણાટક બાદ જે રાજ્યો ભ્રષ્ટાચારની યાદીમાં આવે છે તેમાં તમિળનાડુ, મહારાષ્ટ્ર, જમ્મુ કાશ્મીર અને પંજાબનો સમાવેશ થાય છે. આ તમામ રાજ્યોના લોકો જાહેર સેવા માટે જંગી લાંચ ચુકવે છે. તેમના દ્વારા ચુકવવામાં આવેલી લાંચના આધાર પર રાજ્યોની યાદી નક્કી કરવામાં આવી છે. ૨૦ રાજ્યોને આવરી લઈને કરવામા આવેલા સેન્ટર ફોર મિડિયા સ્ટડી સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે હિમાચલ પ્રદેશ, કેરળ અને છત્તિસગઢ ઓછા ભ્રષ્ટાચારી રાજ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પરિવારો પૈકી મોટા ભાગના લોકો જાહેર સેવા માટે લાંચની ચુકવણી કરે છે. સર્વે કરતી વેળા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૩૦૦૦ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાગ લેનાર અડધા ભાગના લોકો માને છે કે જાહેર સેવામાં ભ્રષ્ટાચારનુ પ્રમાણ ઘટી રહ્યુ છે. નવેમ્બર ૨૦૧૬ અને ડિસેમ્બર ૨૦૧૬ બાદ નોટબંધીના નિર્ણય બાદથી જાહેર સેવામાં ભ્રષ્ટાચારનુ પ્રમાણ ઘટી રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### મણીપુરના ચાર કોંગ્રેસી ધારાસભ્યો ભાજપમાં



મણીપુરમાં રાજકીય ઉથલપાથલ થંભવાનું નામ નથી લેતી. ભાજપ તરફના પ્રવાહમાં શુક્રવારે વધુ ચાર કોંગ્રેસી ધારાસભ્યો ભાજપમાં જોડાયા હતા.

### યુપીમાં ગઠબંધન ભુલ હતી : શીલા દિક્ષીત



કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીતે સમાચાર એજન્સી સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથેનું ગઠબંધન ભૂલ હતી. કોંગ્રેસ પક્ષ સ્વતંત્ર રીતે લડ્યુ હોત તો પરીણામ જુદુ હોત.

### શહીદ આયુશ યાદવના પરિવારને ૩૦ લાખની સહાય

કુપવાડામાં આંતકી હૂમલામાં શહીદ થનાર મેજર આયુશ યાદવના પરિવારને ૩૦ લાખની સહાય કરવામાં ઉત્તરપ્રદેશ સરકારે નિર્ણય કર્યો છે.

### મહાગઠબંધનના ચક્રો ગતિમાન



રાષ્ટ્રપતિની ચૂંટણીના પગલે વિપક્ષો ઝડપથી મહા ગઠબંધન રચવા સક્રિય બન્યા છે. અગાઉ નીતિશકુમાર અને શરદ પવારે સોનિયા ગાંધી સાથે ચર્ચા વિચારણાઓ કરી હતી, જ્યારે સીપીએમના મહાસચિવ સીતારામ યેચુરીએ સોનિયા ગાંધીની શુક્રવારે મુલાકાત લીધી હતી.

### શીલ્પા શેટ્ટી સામે ફરિયાદ દાખલ

મહારાષ્ટ્રના થાણે પોલીસ સ્ટેશનમાં જાણીતી અભિનેત્રી શીલ્પા શેટ્ટી અને તેના બીઝનેસમેન પતિ રાજ કુન્દ્રા સામે કાપડ કંપનીએ ૨૪ લાખ રૂપિયાના ચીટીંગની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

### સુકમાના શહીદોના બાળકોનો શિક્ષણ ખર્ચ ગૌતમ ગંભીર ઉઠાવશે

સુકમામાં શહીદ થયેલા ૨૫ જવાનોના બાળકોના ભણતરનો તમામ ખર્ચ જાણીતા ક્રિકેટર ગૌતમ ગંભીર ઉઠાવશે. ગૌતમ ગંભીર ફાઉન્ડેશન દ્વારા આ જાહેરાત કરાઈ છે.


જાહેર આમંત્રણ
માણસા વિસ્તારનાં પ્રજાજનો માટે
૧લી મે ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે
શ્રી વિઘ્નેશ્વરી કલ્ચરલ ફોરમ માણસા પ્રેરિત
"એક શામ દેશ ભક્તિ કે નામ"
રાષ્ટ્રભકિતના સંચાર માટે દેશભકિતના ગીતોનો
એક વિશેષ જાહેર કાર્યક્રમ
ગુજરાતની વિખ્યાત ઓરકેસ્ટ્રા કેઝી બીટસ બાય સત્યેન વાઘેલા
દ્વારા દેશભક્તિગીતોનો અદભૂત કાર્યક્રમ "ન ભૂતો ન ભવિષ્યતિ" રજુ કરશે તો રખે ચૂકતા
મુખ્ય મહેમાન : શ્રી જયંતિભાઇ ભાનુશાલી
પૂર્વધારાસભ્ય, અબડાસા, કચ્છ
પૂર્વ જિલ્લા પ્રમુખશ્રી, ભા.જ.પ. કચ્છ
તારીખ : ૨૯-૪-૨૦૧૭, શનિવાર, રાત્રે ૮.૦૦ કલાકે
સ્થળ : આનંદી માઁનો વડલો, માણસા-મકાખાડ રોડ, માણસા
નિમંત્રક : શ્રી વિઘ્નેશ્વરી કલ્ચરલ ફોરમ, માણસા
પ્રેરક : શ્રી દિનેશભાઇ કે.વ્યાસ,માનદ મેનેજીંગ ટ્રસ્ટી



અમૂલ મસ્તી દહીંના સથવારે ભોજન બને મસ્તી ભર્યું




ફક્ત ₹ 55/-* for 1 kg

| Pouch Pack | MRP*(₹) |
|---|---|
| 200g | 15 |
| 400g | 28 |
| 1kg | 55 |
| 5kg | 250 |

| Cup Pack | MRP*(₹) |
|---|---|
| 200g | 22 |
| 400g | 38 |

*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 – 23969055/56/57
daCunha/02-17/guj



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



ધોરણ-9, 10ના વિદ્યાર્થીઓ માટે
SSV CAMPUS શ્રેષ્ઠ સ્કૂલ છે
કારણ કે...
(૧) વાર્ષિક ફી = ફક્ત ૨૫,૦૦૦/- (સરકારશ્રીના નિયમ અનુસાર)
(૨) ટ્રાન્સપોર્ટ - વન ટાઇમ ફ્રી
(૩) પાઠ્ય પુસ્તક ફ્રી
(૪) લખવા માટેની નોટબુક્સ ફ્રી
(૫) દરરોજ બે-વાર શિક્ષણ સવારે ૭-૦૦ થી ૧-૦૦ સાંજે ૪-૦૦ થી ૭-૦૦ — જેથી ટ્યુશનની મુશ્કેલીમાંથી મુક્તિ
(૬) JEE/NEETની તૈયારી પ્રથમ દિવસથી જ
(૭) વિકલી ટેસ્ટ, યુનીટ ટેસ્ટ જેવા વિશેષ પરીક્ષાના આયોજનો
(૮) અનુભવી, નિષ્ણાંત અને કર્તવ્યનિષ્ઠ શિક્ષકગણ
(૯) ગેરહાજર વિદ્યાર્થીઓને ત્યાં તુરત જ મેસેજ / કોલીંગ
(૧૦) રમત-ગમત માટેના આદર્શ મેદાનો.





SSV CAMPUS
a new hope



સંજય પટેલ [Mathematics] | દીપક સર [Biology] | રાજગોર સર [Chemistry] | વકાસ સર [Physics] | જાની સર [Physics] | જગત સર [Maths & Sci] | એમ.કે.સર [English] | પી.કે.સર [S.S]

Communicate with us....
Phone : 079 232 63 232 / 99257 54098
Email : ssv.campus@gmail.com
Address : Sector-3/b, Gandhinagar
Website : www.ssvcampus.in
Whats app : 76 22 01 11 01, 9824 47 1564
www.facebook.com/SSV Campus